**Publication: Rakhewal; Date: 04 Aug 2011; Edition: Ahmedabad;**

# ટીસીએસ આઈટી વિઝ ૨૦૧૧ અમદાવાદમાં યોજાશે

અમદાવાદ

દેશની અગ્રણી આઈટી સર્વિસ, કન્સલ્ટીંગ અને બીઝનેસ સોલ્યુશન્સ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ (ટીસીએસ) દ્વારા દેશના શાળાઓ માટેના સૌથી મોટા ટેક ક્વિઝ, ટીસીએસ આઈટી વિઝ-૨૦૧૧ ની અમદાવાદ આવૃત્તિની જાહેરાત કરવામાં આવી હતી. આ આઈટી કવીઝ ૧૨ ઓગષ્ટ, ૨૦૧૧ શુક્રવારના રોજ ટાગોર હોલ, નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાઈનની સામે, પાલડી ખાતે યોજાશે.

અમદાવાદ આવૃત્તિમાં ધો.૮-૧૨ (પીયુ-જુનીયર કોલેજના વિદ્યાર્થીઓ સહીત) માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આઈટી વીઝમાં ભાગ લેવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી. દરેક સંસ્થા બે સભ્યોની બનેલી મહત્તમ આઠ ટીમ મોકલી શકે છે.

ટીસીએસ આઈટી વીઝ-૨૦૧૧ ના પ્રાદેશિક રાઉન્ડસ ૧૨ શહેરોમાં યોજાશે. જેમાં હૈદ્રાબાદ, અમદાવાદ, બેંગ્લોર, ચેન્નઈ, કોઈમ્બતુર, પૂણે, કોલકત્તા, ભુવનેશ્વર, કોચી, લખનૌ, દિલ્હી અને મુંબઈનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય સ્તરની આ સ્પર્ધા ૨૦૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચવાની અપેક્ષા છે. પ્રાદેશિક રાઉન્ડસ બાદ ડીસેમ્બરાં રાષ્ટ્રીય ફાઈનલ યોજાશે. જેમાં પ્રાદેશિક રાઉન્ડસમાં વિજેતા બનેલી ૧૨ ટીમો ટીસીએસ આઈટી વીઝ નેશનલ ચેમ્પિયન ટાઈટલ માટે સ્પર્ધા કરશે.

આઈટી વીઝમાં ભાગ લેવા માગતી સંસ્થાઓએ ૧૦ ઓગષ્ટ, ૨૦૧૧ પહેલા ટીસીએસ આઈટી વીઝ કો ઓર્ડીનેટર ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ ઈન્ફોટાવર ૧, ઈન્ફોસીટી એરપોર્ટ રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૯ ગુજરાત ખાતે પોતાની એન્ટ્રી પહોંચાડવાની રહેશે. આ વર્ષે શાળાઓ ઓનલાઈન રજીસ્ટ્રેશન પણ કરાવી શકશે.

ટીસીએસઆઈટી વીઝ એ દેશની સૌથી મોટી આંતર શાળાકીય આઈટી કવીઝ સ્પર્ધા છે. જે કંપનીની કોર્પોરેટ સોશીયલ પહેલ અંતર્ગત છેલ્લા ૧૨ વર્ષથી યોજવામાં આવે છે. એશિયાની સૌથી મોટી આઈટી કંપની હોવાને નાતે ટીસીએસ, વિદ્યાર્થીઓમાં ટેકનોલોજી અંગેની જાગરૂકરતા ફેલાવવામાં તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજીની દુનિયાના પ્રવાહો અંગે તેમને માહીતગાર કરવાની જવાબદારી સુપેરે નિભાવે છે. ટીસીએસ આઈટી વીઝના માધ્યમથી કંપની યુવા વિદ્યાર્થીઓમાં આઈટી ક્ષેત્ર અંગે રસનું સીંચન કરી તેમની કુશાગ્રતાને વધુ સક્ષમ બનાવવા માગે છે. આજના આધુનિક સમાજ અને અર્થ વ્યવસ્થામાં આઈટી અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. અને વિવિધ ક્ષેત્રોમાં સફળતા માટે તે અનિવાર્ય છે.

પ્રશ્નોનું માળખું : લેખીત પ્રાથમિક રાઉન્ડમાં સ્થળ પર જ ભાગ લેનારી ટીમો માટે ૨૦ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. પ્રશ્નો મૌખિક, દ્રશ્ય સ્વરૂપમાં અને દ્રશ્ય શ્રાવ્ય સ્વરૂપમાં રહેશે. સ્પર્ધકોએ ટીસીએસ દ્વારા પુરી પડાનારી અગાઉથી પ્રિન્ટેડ ઉત્તરવાહીમાં પ્રાથમિક રાઉન્ડના જવાબો લખવાના રહેશે.,

ફાઈનલ : પ્રાથમિક લેખીત રાઉન્ડમાંથી ટોચની છ ટીમો ફાઈનલ માટે પસંદગી પામશે. એક જ શાળામાંથી એક કરતાં વધુ ટીમ ફાઈનલમાં પ્રવેશવાના કિસ્સામાં દરેક શાળામાંથી શ્રેષ્ઠ ટીમને સ્ટેજ પર બોલાવવામાં આવશે. છ ટીમોમાંથી વિજેતા બનનાર ટીમ ડીસેમ્બરમાં યોજાનારી ટીસીએસ આઈટી વીઝની રાષ્ટ્રીય ફાઈનલમાં અમદાવાદનુ પ્રતિનિધિત્વ કરશે.